R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા .

ટે.નં(મો)૯૮૨૫૧૬૯૩૮૯

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to; કાર્યાલય :૨/૧૦ (૩૦૮)સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-28 • ISSUE: 07 DATE: 16-02-2019• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/

## કાશ્મીરમાં સૌથી મોટો આતંકી હુમલો : આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટક ભરેલી કાર અથડાવતા ૪૪ જવાન શહીદ

જમ્મુ-કાશ્મીરમાં પુલવામાં સીઆરપીએફજના જવાનોનો કાફલો જતો હતો ત્યારે આત્મઘાતી હુમલાખોરે વિસ્ફોટક ભરેલી કાર અથડાવીને ઘાતકી હુમલો કર્યો હતો.કાશ્મીરમાં અત્યાર સુધીમાં સુરક્ષા જવાનો પર કરવામાં આવેલો આ સૌથી મોટો હુમલો હતો. પુલવામાં ખાતે અવંતીપોરામાં ગોરીપારા વિસ્તારમાં જૈસ-એ-મહોમ્મદ આતંકી સંગઠન દ્વારા મુખ્ય હાઈવે પર કાર પાર્ક કરીને તેમાં આઈઈડી પ્લાન્ટ કરવામાં આવ્યો હતો.સીઆરપીએફનો કાફલો જતો હતો ત્યારે આ કારને જવાનોના વાહન સાથે અથડાવી દેતા વિસ્ફોટ થયો હતો જેમાં ૪૪ જવાનો શહીદ થયા હતા.બ્લાસ્ટની સાથે બીજા સંતાયેલા આતંકીઓએ અંધાધુધ ગોળીબાર



કરતાં જવાનોમાં હતાહત થઈ હતી અને ૨૦ જેટલા જવાનો ઘાયલ પણ થયા હતા.સુરક્ષા જવાનો દ્વારા આ વિસ્તારમાં સર્ચ કરવામાં આવી રહ્યુ છે.સમગ્ર દેશમાં આ ઘટનાની નિંદા કરવામાં આવી રહી છે તેમજ પાકિસ્તાની સ્થિત આતંકવાદી બળો સામે સખ્ત કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

## કેન્દ્ર સરકારના નાગરિકતાના કાયદાના વિરોધમાં સંગીતકાર ભુપેન હજારિકાના પરિવારે ભારત રત્ન પરત કરવાનો નિર્ણય કર્યો

હાલમાં ભારત રત્નથી સન્માનિત સંગીતકાર ભુપેન હજારિકાના પરિવારે કેન્દ્ર દ્વારા નાગરિકતા સંશોધન બિલના વિરોધમાં ચોકાવનારો નિર્ણય લીધો છે. ભુપેન હજારિકાના પરિવારે આ બિલના વિરોધમાં ભારત રત્ન સન્માન પરત કરવાની જાહેરાત કરી છે.હજારિકાને ૨૫ જાન્યુ.એ જ મોદી સરકારે સૌથી મોટા પુરસ્કારથી નવાજવાનું એલાન કર્યો હતું.નાગરિકતા સંશોધન બિલ અંગે આસામમાં છેલ્લા અનેક દિવસોથી દેખાવો થઈ રહ્યા છે.અત્યાર સુધીમાં સેકડો દેખાવકારોને કસ્ટડીમાં મોકલાયા છે.હાલમાં જે ગુવાહાડીની મુલાકાત દરમિયાન પી.એમ.મોદીએ કહ્યુ હતું કે જે સન્માન ભુપેન હજારિકાને ઘણુ અગાઉ મળવાની જરુર હતી તે હવે તેમને મળી શક્યું છે.પીએમ મોદીએ કહ્યુ હતું કે નાગરિકતા કાયદા અંગે કેટલાક લોકો ભ્રમ ફેલાવી રહ્યા છે. કેન્દ્ર સરકાર આસામ અને પુર્વોત્તર રાજ્યોના તમામ રાજયોની સંસ્કૃતિ,ભાષા અને સંસાધનોની રક્ષા કરવા માટે પ્રતિબધ્ધ છે. ભુપેન હજારિકા આસામના ગીતકાર,સંગીતકાર,ગાયક,કવિ અને ફિલ્મ નિર્માતા હતા.

## જજો ચુકાદા આપતાં દબાણ મહસુસ કરે છે : મીડીયા ટ્રાયલનો હાલનો ટ્રેન્ડ તેનું ઉદાહરણ છે

સુપ્રીમ કોર્ટના જજ એ.કે.સિકરીના કહેવા પ્રમાણે આજના યુગમાં ન્યાયિક પ્રક્રિયા દબાણમાં છે.જજ તણાવ અને દબાણમાં નિર્ણયો લખી રહ્યા છે. કોઈ કેસ પર સુનાવણી શરુ થાય તે પહેલાં જ લોકો ચર્ચા કરવા લાગે છે કે તેનો ચુકાદો શું આવવો જોઈએ. તેની જજો પર અસર પડે છે.જજ સિકરીએ લોએશિયા ના સમેલનમાં ડીજીટલ યુગમાં પ્રેસની સ્વતંત્રતા વિષય પર લોકોને સંબોધિત કરતાં કહ્યુ હતું કે પ્રેસની સ્વતંત્રતા નાગરિક અને માનવાધિકારની રુપરેખા અને કસોટીને બદલી રહી છે.અને મીડીયા ટ્રાયલનો હાલનો ટ્રેન્ડ તેનું ઉદાહરણ છે.

તેમણે કહ્યુ હતું કે મીડીયા ટ્રાયલ અગાઉ પણ થતી હતી પણ આજે જે બની રહ્યું છે તે એ છે કે જેવો કોઈ મુદ્દો જોરશોરથી ચર્ચાય છે કે એક અરજી દાખલ કરી દેવાય છે.અરજી પર સુનાવણી શરુ થાય એ પહેલાં જ લોકો એવી ચર્ચા શરુ કરી દે છે કે તેનો નિર્ણય શું આવવો જોઈએ. મારો અનુભવ છે કે જજ કઈ રીતે કોઈ કેસ અંગે નિર્ણય લે છે તેની તેના પર અસર પડે છે. જજ સિકરીએ કહ્યુ હતું કે આવું સુપ્રીમ કોર્ટમાં વધારે નથી કેમકે જ્યાં સુધી તેઓ સુપ્રીમ કોર્ટમાં પહોચે છે ત્યાં સુધીમાં તેઓ ગણા પરિપક્વ થઈ જાય છે.

## રફાલ સોદો સસ્તો હોવાનો કેગ રિપોર્ટ પણ અન્ય ખુલાસાઓથી ડીલમાં વાંધાઓ ઉજાગર કરાયા

રફાલ યુધ્ધ વિમાનોના મુદ્દે મોદી સરકાર પર રોજેરોજ કરાયેલા આકરા પ્રહારોની સાથે ભાજપની એનડીએ સરકારે રાજ્યસભામાં છેલ્લે દિવસે કેગનો રિપોર્ટ દાખલ કરીને વિપક્ષોને વધુ ચર્ચાનો અવકાશ આપ્યો નથી અને રાજકીય દંગલ વચ્ચે સરકારે પોતાનો કક્કો સાચો કરવાનો પ્રયત્ન કર્યો છે.

રફાલ સોદામાં સૌથી અગત્યની બાબત તો વિમાનોની કિમતો બાબતે હતી પરંતુ વકીલોએ તૈયાર કરેલા રિપોર્ટમાં કિમતોને જાણીબુઝીને અવળે પાટે ચડાવીને ટકાવારીમાં પોતે સસ્તો સોદો કર્યો છે તેવું બતાવીને કૌભાંડને ખુલ્લુ કરતાં અટકાવ્યું છે.તેવો આક્ષેપ વિપક્ષો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

રફાલ યુધ્ધ વિમાન ડીલ અંગે કેન્દ્રની મોદી સરકારે એવો દાવો કર્યો હતો કે ફ્રાંસની સાથે થયેલો નવો સોદો કોગ્રેસની આગેવાનીમાં રહેલી યુપીએ સરકારથી ઉત્તમ છે અને વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલા નવા સોદાના કારણે ભારતને રફાલ યુધ્ધ વિમાન જલ્દીથી મળી જશે. જો કે ધ હિન્દુ દ્વારા કરાયેલા નવા ખુલાસાથી ખ્યાલ આવે છે કે સાત સભ્યોના નેગોશિયેટર ગ્રુપ(આઈએનટી)માં સામેલ સંરક્ષણ મંત્રાલયના ત્રણ વરિષ્ઠ અધિકારીઓએ સરકારના આ દાવાઓ સાથે સંમતિ દર્શાવી નથી.અખબારના રિપોર્ટ અનુસાર ઈન્ડીયન કોસ્ટ એકાઉન્ટ સર્વીસના સંયુક્ત સચિવ સ્તરના અધિકારી, સલાહકાર(ખર્ચ) એમ.પી.સિંહ, ફાઈનાન્સ મેનેજર(એર) સુલે,સંયુક્ત સચિવ રાજીવ વર્માએ એક વિરોધ પત્ર ( ડિસેન્ટ નોટ) આપ્યો હતો. જેમાં આ અધિકારીઓએ નવી ડીલને યુપીએ સરકાર દ્વારા કરાયેલી ડીલથી ઉત્તમ ગણાવવા અને રફાલ વિમાનોની ઝડપી ડીલીવરી કરવાના દાવાઓ પર વાંધો પ્રકટ કર્યો હતો.આ આઠ પેજની ડિસેન્ટ નોટને ફ્રેચ ટીમ સાથે વાતચીત પુરી થયાના ૩ મહિના પછી અને ૨૩ સપ્ટે.૨૦૧૬ના આંતર-સરકારી સમજુતી પર હસ્તાક્ષર કર્યાના ૩ મહિના અગાઉ લખવામાં આવી હતી.રિપોર્ટ અનુસાર નવા રફાલ સોદાના લગભગ ૬૨૯૭૬ કરોડ રુપીયાના ખર્ચ અંગે ટિપ્પણી કરતાં વિશેષજ્ઞોએ કહ્યુ હતું કે ફ્રેન્ચ સરકાર દ્વારા અપાયેલી કિંમત તર્કસંગત નથી. એટલે સુધી કે ફ્રેન્સ સરકાર દ્વારા અપાનારી આખરી કિંમતને એમએમઆરસીએની ઓફરની તુલનામાં ઉત્તમ શરતો તરીકે માનવામાં આવી શકે તેમ નથી.

રફાલ સોદામાં સૌથી જરુરી ફોર્મ ઓફ ગેરંટી જ નથી. સરકારી ખામી ની ગંભીર નોધ લીધી.કેગના રીપોર્ટમાં એ ખુલાસો થયો છે કે ૨૦૧૬માં જ્યારે ભારત સરકાર સાથે કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર થયા ત્યારે ફ્રેન્ચ સરકાર અને દસોલ્ટ એવીએશન બંનેએ બેન્ક, સોવરિન કે પર્ફોમન્સ એમ કોઈપણ પ્રકારની ગેરંટી આપવા માટે સંમતિ દાખવી નથી.તેના સ્થાને ફ્રાંસની સરકારે તેના વડાપ્રધાનના હસ્તાક્ષર સાથેનો પત્ર લેટર ઓફ કન્ટેન્ટ જ આપ્યો છે.

## કેન્દ્ર સરકારે લોકશાહીના મુળભુત સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરીને સંસદીય મંજુરી વગર રુ.૯૯૬૧૦ કરોડનો ખર્ચ કર્યો

લોકશાહીના મુળભુત સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરીને કેન્દ્ર સરકારે સંસદીય મંજુરી વિના વર્ષ ૦૧૭-૧૮માં રુ.૯૯૬૧૦ કરોડનો વધારાનો ખર્ચ મંજુર કર્યો હોવાનું કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ)ના રિપોર્ટમાં જણાવાયું છુ. આ રિપોર્ટ અનુસાર એપ્રોપ્રિએશન એકાઉન્ટસના ઓડીટમાં જાણવા મળે છે કે એકાઉન્ટેબીલીટીને પ્રોત્સાહીત કરવામાં ઓથોરીટીઝને નિષ્ફળથા મળી છે અને પરિણામે તેમાં સામેલ સિધ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે.જેના કારણે સંસદીય મંજુરી વિના વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન રુ.૯૯૬૧૦ કરોડનો વધારાનો ખર્ચ મંજુર કરાયો છે.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવક્રાંતિ

વર્તમાન લોકસભાના અંતિમ સત્ર દરમિયાન વિવાદિત નાગરિકતા સંશોધન બિલ અને ત્રિપલ તલ્લાક સબંધિત બિલ રાજ્યસભામાં પસાર થઈ શક્યા નથી જેના કારણે આ બંને બિલ હવે નિષ્પ્રભાવી થઈ જશે. આ બંને બિલો લોકસભામાં તો પસાર થઈ ચુક્યા છે. પરંતુ સંસદના ઉપલા ગૃહમાં બજેટ સત્રની કાર્યવાહી દરમિયાન હોબાળાને કારણે પસાર થઈ શક્યા નથી.છેલ્લા દિવસે તેના પર ચર્ચાની અપેક્ષા રાખવામાં આવતી હતી પરંતુ રફાલના મામલે હોબાળા બાદ આ બંને બિલ અભરાઈ પર ચઢી ગયા છે. આ સાથે જ ત્રણ જુને આ લોકસભાનો કાર્યકાળ સમાપ્ત તતાં જ બંને બિલ નિષ્પ્રભાવી થઈજશે. સંસદીય નિયમો અનુસાર રાજ્યમાં રજુ કરાયેલા બિલ પેન્ડીંગ હોવાની સ્થિતિમાં લોકસભા ભંગ થવાથી નિષ્પ્રભાવી થતા નથી.. જ્યારે લોકસભામાં પસાર કરાયેલા બિલ જો રાજ્યસભામાં પસાર થઈ શકે નહી તો એ લોકસભાના ભંગ સાથે નિષ્પ્રભાવી થઈ જાય છે.દરમિયાન, લોકસભા અને રાજ્યસભા અનિશ્ચિત કાળ માટે મોકુફ રહ્યા છે હવે નવી લોકસભાની રચના વખતે સંસદનુ ગૃહ મળશે.

નાગરિકતા સંશોધન બિલ અને તિપલ તલાક બિલની કેટલીક જોગવાઈઓનો વિપક્ષ દ્વારા રાજ્યસભામાં વિરોધ થયો છે. સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં સત્તાપક્ષ એનડીએ-ભાજપ પાસે બહુમતી નથી તેથી બંને બિલ પસાર થઈ શક્યા નથી.નાગરિકતા બિલમાં બંગલાદેશ,પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાંતી ભારત આવેલા લઘુમતી(હિન્દુ,જૈન,ખ્રિસ્તી,શીખ ,બૌધ્ધ અને પારસી) શરણાર્થીઓ સાત વર્ષ સુધી ભારતમાં રહ્યા હોય તો ત્યારબાદ ભારતની નાગરિકતા તેમને મળે તેવી જોગવાઈ છે. વર્તમાન કાયદા અનુસાર આ સમયસીમા ૧૨ વર્ષની છે. આ દેશોના લઘુમતી શરણાર્થીઓને નિર્ધારિત સમય સુધી ભારતમાં રહ્યા બાદ કોઈ જ દસ્તાવેજ કે પુરાવા વગર નાગરિકતા આપવાની જોગવાઈ છે. આ બિલ ગત જાન્યુઆરી ૮ના રોજ બજેટના શિયાળુ સત્રમાં પસાર કરાયું હતું. આ બિલની આસામ સહિતના પુર્વના રાજ્યોમાં ખુબ જ વિરોધ ચાલી રહ્યો છે.

આ પ્રકારે મુસ્લીમ મહિલા(વિવાહ અધિકાર સંરક્ષણ) વટહુકમ અંતગર્ત ત્રણ તલાકને અપરાધ ગણવાની જોગવાઈનો વિપક્ષી દળો વિરોધ કરી રહ્યા છે.એમા ત્રણ તલાક બોલીને પત્નીને તલાક આપનાર પતિને જેલની સજાની જોગવાઈ છે. અહી એ પણ નોધવું જરુરી છે કે મહત્વના એ બિલની સાથે આધાર અને અન્ય કાનુન(સંશોધન) બીલ-૨૦૧૯ ડીએનએ બીલ, ટ્રાન્સજેન્ડર બિલ( સુરક્ષા અને અધિકાર)૨૦૧૮,માનવ તસ્કરી બિલ-૨૦૧૮ પણ નિષ્પ્રભાવી થઈ જશે.

જો કે કોગ્રેસને ત્રિપલ તલાકનો વિરોધ કર્યો છે અને તેઓ સત્તા પર આવશે તો તે આ બિલને નાબુદ કરી દેશે. જો કે હાલના તબક્કે કોઈને કશું જ કરવાની જરુર રહેશે નહીં.ચુંટણી માટે પુર્વોત્તર રાજ્યોમાં વિપક્ષી મહાસંગઠન તેનો પુરેપુરો લાભ ઉઠાવી શકશે. ( સપ્રેસ : નગુસ)

## મંતવ્ય

જમ્મુ-કાશ્મીરમાં જવાનો પર થયેલો હુમલો દેશની સુરક્ષા માટે અત્યંત ગંભીર ગણી શકાય. જ્યાં લશ્કરી જવાનો,પોલીસ,સીઆરપીએફનો ચાંપતો બંદોબસ્ત હોઈને તેમજ વારંવાર પાકિસ્તાની આતંકી પરિબળો દ્વારા થતાં હુમલાઓ હોય, છતાં પણ બે રોકટોક આપણા જવાનોને શહીદી વહોરવી પડે તે આપણા શાસકોની નિર્બળતા છે. કહેવાતી ડંફાશો કામ આવતી નથી. આપણી સર્જીકલ સ્ટ્રાઈકનું શું થયું ? ગૃહમંત્રી આંતકીઓનો સફાયો કર્યાના આંકડાઓ જોરશોરથી બતાવે છે.તો આ શું છે? જેકેરામી

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૫૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૦૩ | માસ્ટર ઈન ઈ.સી.અમેરિકા | ૨૩-૧૧-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૧૦૪ | એમ.બી.એ. પોલેન્ડ | ૨૩-૯-૮૬ | ૬૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૦૫ | બી.ઇ.(આઇ.ટી.) અમેરિકા | ૧૬--૪-૯૫ | ૧૬૦૦ ડોલર | આર.સી. | કુંવારા |
| ૧૦૬ | બીબીએ.જીડીએમ.ન્યુઝીલેન્ડ | ૯-૧-૯૪ | ૧૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૧૦૭ | ડીપ્લોમાં ઈલેક્ટ્રીકલ એન્જી. | ૧૫-૧-૭૮ | ૨૫૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૫૧૮ | બીએસસી નર્સીંગ | ૨૫-૫-૯૦ | ૩૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૧૯ | ડીપ્લો.ઈન બિઝનેસ મેનેજમેન્ટ | ૫-૭-૮૬ | ૨૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૫૨૦ | એમઈ સીવીલ એન્જી. | ૯-૮-૮૯ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ નર્સીંગ | ૨૨-૪-૯૩ | ૨૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૨૨ | બીએસડબલ્યું | ૨૪-૪-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૩ | એમબીએ ફાયનાન્સ. | ૬-૧૨-૮૯ | ૧૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૨૪ | એમબીએ | ૧-૧-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૫૨૫ | મીકેનીકલ ડીપ્લો.એન્જી. | ૨-૯-૮૪ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૪ | બી.એ. | ૧૩-૮-૯૧ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૨૫ | બીકોમ.માસ્ટર એચ.આર. | ૪-૧૧-૮૮ | ૪૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૨૬ | બીએ.કોમ્પ્યુ.હાર્ડવર્ક નેટવર્ક,સેનેટરી. | ૧૬-૭-૮૫ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૨૭ | ૧૨પાસ,ફીટર,આઈટીઆઈ | ૧૦-૧૨-૮૭ | ૮૫૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૮૩૦ | ૧૦પાસ,બેકરી મેનેજમેન્ટ | ૧૯-૧૧-૯૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૮૩૩ | બીકોમ,ડીઝલ મીકેનીકલ કોર્ષ | ૧૪-૮-૯૪ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૩૪ | બીએ.(ઇંગ્લીંસ મીડીયમ) | ૨૬-૫-૮૦ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૮૩૫ | પીટીસી.બીએ.એમએ ફીટર આઈટીઆઈ | ૨૫-૮-૮૮ | ૩૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | એમએસસી. | ૨૮-૧૦-૬૮ | ૩૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૨૯ | એમકોમ પાર્ટ ૧ | ૧૪-૨-૮૦ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૩૫ | એફવાયબીકોમ. | ૨-૬-૮૮ | ૨૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૩૩૬ | ૧૦ પાસ | ૮-૧૦-૬૮ | ૧૨૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |
| ૩૩૭ | બીકોમ. પીજીડીસીએ | ૧૫--૬-૮૬ | ૨૫૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૩૩૮ | બીએ.કોપા કોમ્પ્યુટર કોર્ષ | ૧૫-૯-૭૭ | ૨૧૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૪૯) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | એમબીબીએસ,એમડી, અમેરિકા | ૧૪-૧૨-૮૪ | - | મેથો. | કુંવારી |
| ૩૭ | બીઈ.એમબીએ ફાયનાન્સ.અમેરિકા | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારી |
| ૪૪ | બીએસસી નર્સીંગ લંડન | ૨૪-૩-૯૪ | - | મેથો. | કુંવારી |
| ૪૫ | એમએસસી. બાયો ટેકનોલોજી લંડન | ૬-૩-૮૫ | ૧૫૦૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૪૭ | બીઈ.આઈટી કેનેડા. | ૨૭-૧૨-૮૯ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૬૦ | બીઈ કોમ્પ્યુ.એન્જી. જર્મન | ૨૬-૯-૯૧ | ૨૭૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૬૧ | જીએનએમ.૩ ૧/૨વર્ષ નર્સીંગ અમેરિકા | ૨૦-૪-૯૨ | - | આર.સી. | કુંવારી |
| ૫૧૮ | બીસીએ | ૧૬-૧૨-૯૨ | - | મેથો. | કુંવારી |
| ૫૧૯ | બીએસસી. નર્સીંગ | ૧૬-૧૨-૮૬ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૦ | ડીપ્લોમાં એનીમેશન | ૧૧-૧૨-૮૯ | ૧૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૨૧ | ડીપ્લો.ઈન એરહોસ્ટેસ એન્ડ હોસ્પી.મેનેજ. | ૩-૧-૯૨ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૨૩ | બીઈ(ઈસી) | ૧૯-૮-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૪ | બીઈ કોમ્પ્યુ. એન્જી. | ૪-૧૨-૮૭ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૫ | ટીવાયબીએ | ૨૬-૨-૮૯ | ૩૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૬ | જીએનએમ નર્સીંગ | ૨૯-૩-૮૯ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૨૭ | એમએસડબલ્યું. | ૫-૫-૯૩ | ૧૨૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૨૮ | જીએનએમ નર્સીંગ | ૮-૧-૯૦ | ૧૩૦૦૦ | સીએનઆઈ | કુંવારી |
| ૫૨૯ | એમએસસી.આઈટી. | ૧૨-૭-૯૩ | ૮૮૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૩૦ | બીઈ એન્જી.(ઈસી) | ૭-૧-૯૩ | - | મેથો. | કુંવારી |
| ૫૩૨ | જીએનએમ ૩ ૧/૨ નર્સીંગ | ૩૦-૪-૮૯ | ૧૭૦૦૦ | મેથો. | કુંવારી |
| ૫૩૩ | એમએસસી આઈટી. | ૨૩-૯-૯૧ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારી |
| ૫૪૫ | બીકોમ(ઇ.મીડીયમ) | ૧૮-૪-૯૪ | ૧૨૦૦૦ | ફેલોશીપ | કુંવારી |
| ૫૪૬ | પીટીસી.એમએ | ૨૧--૨-૮૯ | ૧૩૦૦૦ | આઇ.પી. | કુંવારી |
| ૫૪૭ | બીએ. | ૧૭-૬-૯૫ | - | સીએનઆઈ | કુંવારી |
| ૨૦૧ | એમ.એસ.ડબલ્યુ | ૨૬-૮-૮૧ | ૧૭૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૦૨ | ૧૦ નાપાસ | ૫-૯-૬૭ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૮૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૨-૪-૮૬ | ૧૧૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૨ | બીકોમ | ૨૧-૭-૮૩ | ૪૮૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

(૧) રજીસ્ટ્રેશન ફી યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

# અમેરિકામાં ગેરકાયદેસર રહેતા ભારતીય વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ વિઝા અને વર્ક પરમીટ અપાવવાના કૌભાંડમાં આઠ ભારતીય મુળની વ્યક્તિઓની ધરપકડ

અમેરિકા જવું હોય,ત્યાં રહેવું અને કાયમી વસવાટ કરવા મળે તે માટેની તમામ વ્યવસ્થાઓ ઊભી કરવા માટે કેટલીક વ્યવસ્થિત ચેનલો ધરાવતી એજન્સીઓ કામ કરતી હોય છે.અમેરિકામાં ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીના અંડરકવર એજન્ટો દ્વારા સંચાલીત બનાવટી યુની.માં ઈમીગ્રેશન અને વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરીને એડમીશન અપાવનારી ભારતીય મુળની આઠ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.સમગ્ર અમેરિકામાં પાડવામાં આવેલા દરોડામાં યુએસ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એન્ફોર્સમેન્ટ એજન્સીએ ૬૦૦ ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત કરી છે.અમેરિકન તેલુગુ એસો.ના જણાવ્યા મુજબ દેશવ્યાપી દરોડમાં અમેરિકામાં યોગ્ય વિઝા વિના વસવાટ કરતા સેંકડો તેલુગુ વિદ્યાર્થીઓની ધરપકડ કરાઈ છે.

ડીપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરીટીઝએ લાયકાત ન ધરાવતા વિદેશી નાગરિકોને અમેરિકામાં રહેવા અને નોકરી કરવામાં મદદ માટે સ્ટુડન્ટ વિઝાનો દુરપયોગ કરતાં ભારતીય મુળના આઠ અમેરિકન નાગરિકોની ધરપકડ કર્યાબદા સમગ્ર દેશમાં આ કૌભાંડમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને ઝડપી લેવા અભિયાન ચલાવ્યુ હતું.મિશિગન બ્રાંચનના જસ્ટીસ ડિપાટે.જણાવ્યુ હતું કે સમગ્ર અમેરિકામાંથી ઝડપાયેલી આઠ વ્યક્તિ કાંતો ભારતીય અથવા ભારતીય મુળનો અમેરિકન છે.તેમના પર વિઝા ફ્રોડ અને નફા માટે વિદેશી નાગરિકોને રોકવાના આરોપો મુકાયા છે.

એજન્સીની બનાવટી યુની.માં પ્રવેશ મેળવનારા ૬૦ જેટલા વિદ્યાર્થીઓને અટકાયતમાં લેવામાં આવ્યા છે.સુત્રોના અને સાક્ષીઓના જણાવ્યા અનુસારઅંદાજિત ૬૦૦ વિદ્યાર્થીઓએ આ યુની.માં પ્રવેશ લીધો હતો.અમેરિકી કાયદાના જાણકારોએ ચેતવણી આપી છે કે આ તમામ વિદ્યાર્થીઓને દેશનિકાલની યાદીમાં સમાવી લેવામાં આવશે. તેમાંના કેટલાકને જેલની સજા પણ થઈ શકે છે.

૨૦૧૫માં અમેરિકામાં સ્ટુડન્ટ વિઝાનો દુરપયોગ કરી વસતા ગેરકાયદેસર વિદેશી નાગરિકોને ઝડપી લેવા ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરીટીએ એક અંડર કવર યુની.ની સ્થાપના કરી હતી. ફેબ્રુઆરી ૨૦૧૭માં એજન્સીના અધિકારીઓએ યુની.ના માલિકો અને કર્મચારીઓ તરીકે કામ કરવાનું શરુ કર્યુ હતું.મિશિગન સ્થિત આ કથિત બનાવટી યુની. ઓફ ફાર્મિંગ્ટનમાં સંખ્યાબંધ વિદ્યાર્થીઓએ એડમિશન લીધું હતું.એજન્સીઓના અધિકારીઓએ વિદ્યાર્થીઓના નિવાસસ્થાનો પર દરોડા પાડ્યા હતા.અને તેમને તેમના પ્રોફેસરોના નામ પુછ્યા હતા. પરંતુ તેઓ જવાબ આપવામાં નિષ્ફળ નિવડ્યા હતા.ભારતીય વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી છે તેમની પર મુકાયેલા આરોપો નીચે મુજબના છે.

૧.બનાવટી યુનીવરસીટીમાં એડમિશન લેનારા વિદ્યાર્થીઓ કૌભાંડનો ભોગ બન્યા નથી પરંતુ સ્વેચ્છાએ કૌભાંડમાં જોડાયા હતા. ૨.વિદ્યાર્થીઓ સારી પેઠે જાણતા હતા કે યુની.માં કોઈપણ પ્રકારનું શિક્ષણનું કાર્ય થવાનું નથી. ૩.તેઓ સારી પેઠે જાણતા હતા કે આ યુનીવરસીટી દ્વારા તેમને કોઈ એક્ચુયલ ડીગ્રી પ્રાપ્ત થવાની નથી.૪.આ વિદ્યાર્થીઓનો મુળ ઈરાદો સ્ટુડન્ટ વિઝા જારી રાખવાનો અને સીપીટી અંતગર્ત વર્ક પરમિટ મેળવવાનો હતો.૫.દરેક વિદ્યાર્થી જાણતો હતો કે યુનીવરસીટીના અભ્યાસક્રમને અમેરિકી સરકારની માન્યતા મળી નથી.ડીપાર્ટ.ઓફ હોમલેન્ડ સિક્યુરીટી દેશમાં ગેરકાયદેસર વસી રહેલા અનેક વિદેશી નાગરિકોને કાયદેસર રીતે દેશનિકાલ કરવા માટે કાર્યવારી કરી રહી છે.

# લોકસભામાં એનડીએ સરકાર દ્વારા વચગાળાનું ચુંટણીં પહેલાનું અંતિમ ગાળાનું બજેટ રજુ કરવામાં આવ્યું : મોદી સરકાર દ્વારા બજેટમાં ચુંટણીલક્ષી જાહેરાતો દ્વારા મતદારોને આર્કષવાનો પ્રયાસ

આઝાદી મળ્યા બાદ દેશમાં લોકશાહી ઢબે ચુંટાતી સરકારો દેશના નાગરિકોને બજેટ દ્વારા લુભાવવાના અને લુંટવાના કારસા રચે છે તેની જાણકારી જાણકારોને તો છે પરંતુ સામાન્ય નાગરિકોને બજેટ દ્વારા સરકારો છેતરવાનો પ્રયાસ કરતી રહી છે.એનડીએની સરકારે આ વખતે લોકસભામાં પુર્ણ સમયના નાણાંમંત્રીના અભાવે કાર્યભાર સંભાળી રહેલા નાણાંમંત્રી પિયુષ ગોએલે બજેટ રજુ કર્યુ હતું.અને ચુંટણીલક્ષી જાહેરાતોનો જુમલો વરસાવ્યો હતો.પગારદાર,પેન્સનર સહિતના મધ્યમવર્ગને રાહત આપતાં ગોયેલ કહ્યુ હતું કે આવકવેરાની મુક્તિ મર્યાદા રુપીયા પાંચ લાખની કરવામાં આવી છે. જ્યારે સરકારે તાજેતરમાં આર્થિક રીતે પછાત લોકોની આવકમર્યાદા રુ.૮ લાખની ઠેરવી છે.વિસંગતતાનો આ એક નમુનો છે. જો તમારે મુક્તિ મર્યાદા વધારવી હતી તો રુપીયા આઠ લાખની કરવાની હતી.૨૦૧૪ બાદ એનડીએ સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા આર્થિક પગલાં અને બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ વિશે વિચારીએ તો સરકારે ભરપેટે દેશની પ્રજાને બજેટના માધ્યમ દ્વારા લુંટી છે.એમા વધારામાં નોટબંધી,જીએસટી વિગેરે જેવા બીજા અનેક પરિબળો સામેલ છે. ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં ખેડુતોને રાહત આપવા માટે પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ અને બિનસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સુરક્ષાઆપતી પ્રધાનમંત્રી શ્રમયોગ માનધન યોજનાની જાહેરાત સાથે ન્યુ ઈન્ડીયા નિર્માણ વિઝન ૨૦૩૦ માટે રજુ કર્યુ હતું.

લોકસભામાં વોટ ઓન એકાઉન્ટના સ્થાને લગભગ પુર્ણ કક્ષાના બજેટ ભાષણમાં પિયુષ ગોયેલે મધ્યમવર્ગના ૩ કરોડ લોકોને આવકવેરામાં રુપીયા ૧૮,૫૦૦ કરોડની રાહત આપતાં આવકવેરા મુક્તિ મર્યાદા રુ.પાંચ લાખની કરવાનો બજેટ પ્રસ્તાવ મુક્યો હતો તે ઉપરાંત સ્ટાન્ડડ ડીડક્શન રુપીયા ૪૦,૦૦થી વધારીને રુ.૫૦,૦૦૦કરવા , બેન્ક અને પોસ્ટ ઓફિસમાંથી મળતા વ્યાજ પરનો ટીડીએસ રુપીયા ૧૦,૦૦૦ થી રુ.૪૦,૦૦૦ કરવા, બે મકાન સુધી નેશનલ રેન્ટ પરના ટેક્સમાંથી મુક્તિ આપવા, ભાડા પરની ટીડીએસની મર્યાદા રુપીયા ૧.૮૦લાખથી વધારીને રુ.૨.૪૦ લાખ કરવા, ઈન્કમટેક્ષ રિબેટ રુ.૨૫૦૦થી વધારીને રુ.૧૨,૫૦૦ કરવાના બજેટ પ્રસ્તાવ રજૂ કર્યા હતા.

દેવા તળે દબાયેલા ખેડુતોને રાહત આપતાં નાણાંપ્રધાને બે હેકટરથી ઓછી જમીન ધરાવતાં દેશના ૧૨ કરોડ નાનાં અને સીમાંત ખેડુતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ યોજનાની જાહેરાત કરી હતી. આ યોજના અને નિયમો અંતગર્ત આવતાં ખેડુતોને વાર્ષિક રુપીયા ૬૦૦૦ની સહાય ૩ હત્યામાં ચુકવવામાં આવશે.આ ઉપરાંત મનરેગા માટે રુપીયા ૬૦,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી.

દેશના ઈતિહાસમાં સૌ પ્રથમવાર સંરક્ષણની ફાળવણી રુપીયા ૩,૦૫,૦૦૦ કરોડ કરવામાં આવી છે.આ ઉપરાંત રેલ્વે બજેટમાં૬૪,૫૮૭ કરોડની ફાળવણી કરવામાં આવી છે.સરકારે ગાયો માટે રાષ્ટ્રીય ગાયપંચની રચના સાથે કામધેનું યોજનાનો પ્રસ્તાવ મુકયો છે.આ સરકારે ૨૦૧૯ની ચુંટણીમાં મતદારોને આર્કષવા માટે ભરપુર લોભાણી જાહેરાતો કરી છે. પરંતુ ખરેખર તે સાર્થક થશે કે કેમ તે કહેવું અઘરુ છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


સોલિડ કાર્બન ડાયોકસાઈડને ડ્રાય આઈસ તરીકે ઓળખવામાં આવે છે. તે જ્યારે વાતાવરણની ગરમીમાં આવે છે ત્યારે તે પીગળતો નથી પરંતુ હવામાં ઉડી જાય છે.

વિશ્વના પ્રથમ મહીલા પ્રધાનમંત્રી બનવાનું ગૌરવા શ્રીલંકાના શ્રીમતી ભંડારનાયકને મળે છે.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.


**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬



**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

## કેન્દ્ર સરકાર સામે બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીનો સામનો કરવાનો લલકાર



કોલકોતાના પોલીસ કમિશ્નર વિરુધ્ધ સીબીઆઈએ ખેલેલા દાવપેચની સામે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી મેદાનમાં ઉતર્યા હતા.કેન્દ્ર સરકાર સામે તેમણે ધરણા કાર્યક્રમ આપ્યો હતો. અને રાજ્ય સરકારનું કામકાજ રોડ ઉપરથી ચલાવીને તેમણે કેન્દ્ર સરકારને સંકેત આપ્યો હતો કે તેઓ કોઈપણ કાળે ઝુકવા તૈયાર થશે નહી તેમજ કેન્દ્ર સરકારના તેમની વિરુધ્ધના દાવપેચ ચલાવી લેશે નહીં. જો કે સુપ્રીમ કોર્ટે તેમની યાચિકામાં તેમના તરફેણમાં ચુકાદો આપ્યો જેથી તેઓ પોતાની જીત થઈ છે તેમ મનાવીને કેન્દ્ર સરકાર સામે પડકાર ફેક્યો હતો.

## લોકસભામાં રાષ્ટ્રપતિએ મોદી સરકારની સિધ્ધિઓ ઉલ્લેખતાં કહ્યુ કે મોદી સરકાર ન્યુ ઇન્ડીયા માટે કામ કરી રહી છે

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે લોકસભામાં પોતાના અભિભાષણમાં કેન્દ્રની મોદી સરકારની કામગીરી અને સિધ્ધિઓનો ઉલ્લેખ કરતાં કહ્યુ હતું કે સરકાર વિવિધ વિકાસ કાર્યો અને સામાજિક ન્યાય પ્રત્યે પોતાની પ્રતિબધ્ધતા બતાવી રહી છે.જેની ઉપર તેમણે પ્રકાશ પાડ્યો હતો.તેમણે કહ્યુ હતું કે મોદી સરકાર ન્યુ ઈન્ડીયા માટે કામ કરી રહી છે. અને એમાં લોકોને જોડવામાં આવી રહ્યા છે.બજેટ સત્રની શરુઆતમાં સંસદના સંયુક્ત સત્રને સંબોધતા તેમણે વિવાદાસ્પદ રફાલ ડીલનો ઉલ્લેખ કર્યો હતો.અને કહ્યુ હતું કે લાંબા દાયકા બાદ ભારતીય વાયુસેના મજબુત થશે કેમકે આવનારા દિવસોમાં ભારતીય વાયુસેનામાં આ અત્યાધુનિક લડાકુ વિમાન સામેલ થશે.

તેમનું અભિભાષણ એટલા માટે મહત્વનું માનવામાં આવી રહ્યું છે કે એપ્રિલ-મે માં લોકસભાની ચુંટણી થવાની છે.રાષ્ટ્રપતિએ કહ્યુ હતું કે ૨૦૧૪ની સામાન્ય ચુંટણી દરમિયાન દેશ અનિશ્ચિતતાના માહોલમાંથી પસાર થઈ રહ્યો હતો. ચુંટણી બાદ નવી સરકારે કાર્યભાળ સંભાળ્યો અને ન્યુ ઈન્ડીયા નિર્માણની પ્રતિજ્ઞા લીધી હતી.છેલ્લા સાડાચાર વર્ષમાં સરકારે દેશના લોકોમાં નવી આશા અને વિશ્વાસ પેદા કર્યો છે.દેશની છબી ઉજ્જવલ કરી છે.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




## કોગ્રેસ રાજકીય વિરોધનો સામનો કરીને બહાર આવશે : મોદી સરકાર જુઠ્ઠાણા,ડંફાસો અને ધમકી ઉપર નભતી ફિલોસોફી આધારિત છે

યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધીએ મોદી સરકાર પર સણસણતા પ્રહાર કર્યા છે.સોનિયા ગાંધીએ કહ્યુ હતું કે મોદી સરકારની ફિલોસોફી જુઠ્ઠાણા,ડંફાસો અને ધમકીઓની છે.કોગ્રેસ પક્ષ રાજકીય વિરોધીઓનો મક્કમપણે સામનો કરીને જોસ સાથે ઉભરી આવશે.કોગ્રેસ સંસદીય પાર્ટીની બેઠકને સંબોધતાં તેમણે કહ્યુ હતું કે અધ્યક્ષ રાહુલે પક્ષમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે.અને અનુભવ તેમજ યુવાશક્તિના મિશ્રણ સાથેની નવી ટીમને સાથે લઈને ચાલી રહ્યા છે.તેમણે વધુમાં કહ્યુ હતું કે અમે આગામી લોકસભા ચુંટણીમાં નવીનીકૃત વિશ્વાસ અને સમાધાનો સાથે ઉતરીશું.રાજસ્થાન,મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પક્ષની જીતથી નવી આશાનો ઉદ્ય થયો છે. આ બેઠકમાં કોગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ,કોગ્રેસ પક્ષના લોકસભાના નેતા મલ્લિકાર્જુન ખડગે, રાજ્યસભામાં કોગ્રેસ પક્ષના નેતા ગુલામ નબી આઝાદ સહિતના અન્ય નેતાઓ હાજર હતા.આ દરમિયાન સોનિયા ગાંધીએ ભારપુર્વક કહ્યુ હતું કે આપણા વિરોધીઓ અગાઉ અજેય હોવાનો અંદાજ મુકાતો હતો. કોગ્રેસે તેમનો મજબુતીથી સામનો કર્યો અને અધ્યક્ષે તેમની સામે ઝીંક ઝીલી,જેમાં કાર્યકરોમાં તેમનુ બધું જ સમર્પિત કર્યું છે.



## આંધ્રપ્રદેશ સરકાર દેશની પ્રથમ રાજ્ય સરકાર બનશે જેમાં ખેડુતોને વાર્ષિક રુ.૧૦,૦૦૦ મળશે

આઁધ્ર પ્રદેશ સરકાર દેશની પ્રથમ એવી રાજ્ય સરકાર બની છે જેણે તમામ ખેડુતોને ઈન્વેસ્ટમેન્ટ સપોર્ટ સ્કીમમાં સામેલ કરવાની ધોષણા કરીને રાજ્યના તમામ ખેડુતોને પ્રતિ વર્ષ રુ.૧૦,૦૦૦ની ફિક્સ્ડ રકમ આપવાનું વચન આપ્યું છે.જેમાં ખેડુતો પાસે કેટલી જમીન છે તેના પર લક્ષ આપવામાં આવશે નહી.અમરાવતીમાં રાજ્યની કેબિનેટની બેઠકમાં અગાઉ ૫ ફેબ્રુઆરીએ કૃષિમંત્રી સોમી રેડ્ડી ચંદ્રમોહન રેડ્ડીએ કરેલા સુચન અનુસાર' અન્નદાતા સુખીભવ સ્કીમ' ને પ્રોત્સાહિત કરવાનો નિર્ણય કરાયો હતો.

જો કે આ પ્રકારનો એત નુસખો અન્ય રાજ્યે પણ અપનાવ્યો છે જે કેટલે અંશે સફળ થાય તે જોવાનુ છે.


**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ

એ.એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.